1. **એક ટીમે એક શ્રેણીની 10 મેચમાં કરેલા ગોલની સંખ્યા નીચે મુજબ છે :**
**2, 3, 4, 5, 0, 1, 3, 3, 4, 3 તો ગોલનો મધ્યક, મધ્યસ્થ અને બહુલક શોધો.**

➤ **મધ્યક :**

$$\text{મધ્યક } \bar{x} = \frac{\sum_{i=1}^{10} x_i}{n}$$

$$= \frac{2 + 3 + 4 + 5 + 0 + 1 + 3 + 3 + 4 + 3}{10}$$

$$= \frac{28}{10}$$

$$= 2.8$$

**મધ્યસ્થ :**

➥ આપેલ પ્રાપ્તાંકોને ચડતા ક્રમમાં ગોઠવો.

0, 1, 2, 3, 3, 3, 3, 4, 4, 5

➥ અહીં $n = 10$ (યુગ્મ) છે.

$$\therefore \text{ મધ્યસ્થ M} = \frac{\left[\left(\frac{n}{2}\right) \text{મું અવલોકન} + \left(\frac{n}{2} + 1\right) \text{મુંઅવલોકન}\right]}{2}$$

$$= \frac{\left[\left(\frac{10}{2}\right) \text{મું અવલોકન} + \left(\frac{10}{2} + 1\right) \text{મુંઅવલોકન}\right]}{2}$$

$$= \frac{[5 \text{ મું અવલોકન} + 6 \text{ ઠ્ઠું અવલોકન}]}{2}$$

$$\text{મધ્યસ્થ M} = \frac{3 + 3}{2} = \frac{6}{2} = 3$$

**બહુલક**

➥ આપેલા અવલોકનોમાં 3 સૌથી વધુ વખત (4 વખત) પુનરાવર્તન પામે છે.

$\therefore$ બહુલક Z = 3

આમ, આપેલી માહિતીનો મધ્યક $\bar{x}$ = 2.8, મધ્યસ્થ M = 3 અને બહુલક Z = 3 છે.

2. **ગણિતની કસોટીમાં 15 વિદ્યાર્થીઓએ 100 માંથી મેળવેલા ગુણ નીચે પ્રમાણે નોંધાયેલા છે :**
**41, 39, 48, 52, 46, 62, 54, 40, 96, 52, 98, 40, 42, 52, 60**
**આ માહિતીનો મધ્યક, મધ્યસ્થ અને બહુલક શોધો.**

➤ **મધ્યક :**

$$\text{મધ્યક } \bar{x} = \frac{\sum_{i=1}^{15} x_i}{n}$$

$$= \frac{41+39+48+52+46+62+54+40+96+52+98+40+42+52+60}{15}$$

$= \frac{822}{15} = 54.8$

$\therefore$ મધ્યક $\overline{x} = 54.8$

**મધ્યસ્થ :**

➡ પ્રાપ્તાંકોને ચડતા ક્રમમાં ગોઠવો.

39, 40, 40, 41, 42, 46, 48, 52, 52, 52, 54, 60, 62, 96, 98

➡ આપેલા પ્રાપ્તાંકોની સંખ્યા $n = 15$ છે. (અયુગ્મ)

➡ અયુગ્મ સંખ્યાનો મધ્યસ્થ M = $\frac{n+1}{2}$ મું અવલોકન

$= \left(\frac{15+1}{2}\right)$ મું અવલોકન

$= \frac{16}{2}$ મું અવલોકન

= 8 મું અવલોકન

➡ 8 મું અવલોકન 52 છે. $\therefore$ મધ્યસ્થ M = 52

**બહુલક :**

➡ આપેલ અવલોકનોમાં 52 નું સૌથી વધુ વખત (3 વખત) પુનરાવર્તન થાય છે.

$\therefore$ બહુલક Z = 52

આમ, આપેલી માહિતીનો મધ્યક $\overline{x} = 54.8$, મધ્યસ્થ M = 52 અને બહુલક Z = 52 છે.

3. **નીચનાં અવલોકનો ચઢતા ક્રમમાં ગોઠવેલા છે. જો માહિતીનો મધ્યસ્થ 63 હોય, તો $x$ નું મૂલ્ય શોધો.**
**29, 32, 48, 50, $x$, $x$ + 2, 72, 78, 84, 95**

➤ અહીં આપેલા અવલોકનોની સંખ્યા 10 (યુગ્મ) છે.

➡ મધ્યસ્થ M = $\frac{\left[\frac{n}{2} \text{ મું અવલોકન} + \left(\frac{n}{2}+1\right) \text{મુંઅવલોકન}\right]}{2}$

$= \frac{\left[\left(\frac{10}{2}\right) \text{ મું અવલોકન} + \left(\frac{10}{2}+1\right) \text{મુંઅવલોકન}\right]}{2}$

$= \frac{[5 \text{ મું અવલોકન} + 6 \text{ ઠું અવલોકન}]}{2}$

$\therefore 63 = \frac{(x) + (x+2)}{2}$

$\therefore 126 = x + x + 2$

$\therefore 126 = 2x + 2$

$\therefore 126 - 2 = 2x$

$\therefore 124 = 2x$

$\therefore \frac{124}{2} = x$

$\therefore x = 62$

આમ, $x$ નું મૂલ્ય 62 મળે છે.

4. **નીચેના કોષ્ટકમાંથી એક ફેક્ટરીમાં કામ કરતા 60 કર્મીઓના પગારનો મધ્યક શોધો.**

| પગાર (₹ માં) | કર્મીઓની સંખ્યા |
|---|---|
| 3000 | 16 |
| 4000 | 12 |
| 5000 | 10 |
| 6000 | 8 |
| 7000 | 6 |
| 8000 | 4 |
| 9000 | 3 |
| 10000 | 1 |
| કુલ | 60 |

➤

| પગાર (₹ માં) | કર્મીઓની સંખ્યા | $f_i x_i$ |
|---|---|---|
| 3000 | 16 | 48000 |
| 4000 | 12 | 48000 |
| 5000 | 10 | 50000 |
| 6000 | 8 | 48000 |
| 7000 | 6 | 42000 |
| 8000 | 4 | 32000 |
| 9000 | 3 | 27000 |
| 10000 | 1 | 10000 |
| કુલ | $\Sigma f_i = n = 60$ | $\Sigma f_i x_i = 305000$ |

મધ્યક $\bar{x} = \frac{\sum f_i x_i}{\sum f_i} = \frac{305000}{60} = 5080.33$

આમ, 60 કર્મચારીઓનાં પગારનો મધ્યક = ₹ 5080.33 છે.

**5. નીચે આપેલી માહિતી આધારિત એક ઉદાહરણ આપો.**

**(i) મધ્યક જ મધ્યવર્તી સ્થિતિમાનનું યોગ્ય માપ છે.**

**(ii) મધ્યક એ મધ્યવર્તી સ્થિતિમાનનું યોગ્ય માપ નથી. પરંતુ મધ્યસ્થ જ એક યોગ્ય માપ છે.**

➤ **(i) મધ્યક જ મધ્યવર્તી સ્થિતિમાનનું યોગ્ય માપ છે**

(i) મધ્યક, મધ્યસ્થ અને બહુલક આ ત્રણેય કિંમતોમાં માત્ર મધ્યક જ બૈજિક વિશ્લેષણ ક્ષમતા ધરાવે છે.

(ii)મધ્યકનાં માપની ગણતરી સરળ છે.

(iii) મધ્યક $\bar{x} = \frac{\sum x_i}{n} = \frac{\text{બધા પ્રાપ્તાંકોનો સરવાળો}}{\text{પ્રાપ્તાંકોની કુલ સંખ્યા}}$

આમ, મધ્યક બધાં અવલોકનો પર આધારિત છે. માટે મધ્યક જ મધ્યવર્તી સ્થિતિમાનનું યોગ્ય માપ છે.

**(ii) મધ્યક એ મધ્યવર્તી સ્થિતિમાનનું યોગ્ય માપ નથી પણ મધ્યસ્થ જ એક યોગ્ય માપ છે.**

➤ જો આવૃત્તિ-વિતરણ વિષમ હોય તો મધ્યક માહિતીની મધ્યવર્તી સ્થિતિનું સચોટ માપ નથી.

પણ મધ્યસ્થ જ યોગ્ય માપ છે કારણ કે અસાધારણ રીતે મોટી કે નાની કિંમતો ધરાવતા અવલોકનોની મધ્યકની કિંમત પર વધુ પડતી અસર થાય છે.

**6. માહિતી 14, 25, 14, 28, 18, 17, 18, 14, 23, 22, 14, 18 નો બહુલક શોધો.**

➤ પ્રાપ્તાંકોને ચડતા ક્રમમાં ગોઠવો.

14, 14, 14, 14, 17, 18, 18, 18, 22, 23, 25, 28

➥ આપેલ પ્રાપ્તાંકોમાં 14 સૌથી વધુ વખત (4 વખત) આવે છે તેથી બહુલક $Z = 14$